# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2024** **Evening : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

---

- કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે કરાવવા માટે બે હજાર 100 નિરિક્ષકોને ફરજ સોંપી છે.
- કેન્દ્રિય ચૂંટણી પંચે લોકસભાની ચુંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ ઉપરાંત અન્ય 12 દસ્તાવેજો માન્ય રાખવાનો નિર્ણય લીધો છે.
- રાજ્યની તમામ 294 સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં આગામી 29 માર્ચે જાહેર રજાના દિવસે પણ દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રહેશે.
- ઇસરોએ આજે કર્ણાટકના ચિત્રદુર્ગ ટેસ્ટ રેન્જમાં ફરીથી ઉપયોગમાં લઇ શકાય એવા પ્રક્ષેપણ વાહન  પુષ્પકનું સફળતાપૂર્વક ઉતરાણ કરાવ્યું.
- જૈન તીર્થધામ પાલિતાણામાં આવતીકાલથી શેત્રુંજય પર્વતતીર્થ ખાતે છ ગાઉની યાત્રાનો આરંભ થશે.
- અમદાવાદમાં 24 અને 31 માર્ચ તેમજ ચોથી એપ્રિલે યોજાનાર આઇપીએલની ક્રિકેટમેચને ધ્યાને લઇ મોટેરા મેટ્રો સ્ટેશન પર અગાઉથી ખાસ પેપરટીકીટ ખરીદી શકાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## EC--POLL-PREPARATIONS

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે કરાવવા માટે બે હજાર 100 નિરિક્ષકોને ફરજ સોંપી છે. આ નિરિક્ષકો જીલ્લા ચૂંટણી અધિકારીઓ અને રિટર્નિંગ અધિકારીઓની કામગીરી ઉપર દેખરેખ રાખશે. જો કે, તેમની પ્રાથમિક ફરજ મતદાનની પ્રક્રિયા વખતે મતદારોને કોઇપણ પ્રકારના પ્રલોભનો અપાતા તેમજ ગેરરીતી રોકવાની રહેશે. તેમને મતદાન યંત્રોની કોઇ ચોક્કસ ક્રમ વિના ચકાસણીની પણ ફરજ સોંપાઇ છે.

મતદાન પ્રક્રિયા પારદર્શક બનાવવા સંબંધિત અધિકારીઓએ તેમને સોંપેલ સંસદીય મતવિસ્તારમાં ઉપસ્થિત રહેવું પડશે તેમજ વેબસાઇટ અને વિવિધ મંચો દ્વારા તેમનો સંપર્ક કરી શકાય એ બાબત સુનિશ્ચિત કરવી પડશે. આ નિરિક્ષકો મતદાન મથકોની મુલાકાત પણ લેશે તેમજ જરૂર પડે તો રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ અને ચૂંટણી લડતાં ઉમેદવારો સાથે બેઠક પણ કરશે.

## MATDAN PROOF

કેન્દ્રિય ચૂંટણી પંચે લોકસભાની ચુંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ ઉપરાંત અન્ય 12 દસ્તાવેજો માન્ય રાખવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય મુજબ મતદારની ઓળખ માટેના મતદાર ફોટો ઓળખકાર્ડની અવેજીમાં અન્ય 12 દસ્તાવેજો પણ ચૂંટણીપંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે. જેમાં આધારકાર્ડ, જોબકાર્ડ, બેઁક પાસબુક, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઇંડિયન પાસપોર્ટ, સહીતના માન્ય દસ્તાવેજોનો  સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બિનનિવાસી ભારતીયએ જો મતદાર તરીકે નોંધણી કરેલી હોય તો તેઓએ મતદાન મથક પર ફક્ત અસલ પાસપોર્ટ રજૂ કરીને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, રાજયની લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી તથા રાજયવિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી યોજાવાની છે.

## Voter Awareness

આગામી લોકસભા ચૂંટણી 2024 માં વધુમાં વધુ મતદારો સહભાગી બને, તે માટે રાજ્યમાં વિવિધ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે.

મહીસાગર ચૂંટણી તંત્ર દ્વારા વિરપુર તાલુકાના કોયડમ ગ્રામ પંચાયત ખાતે દિવ્યાંગ મતદારો માટે મતદાન જાગૃતિ કેમ્પ યોજાયો હતો, દિવ્યાંગોને ચૂંટણીલક્ષી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવતી સક્ષમ એપ્લિકેશન અંગે જાણકારી આપીને તેનો ઉપયોગ કરવા સમજાવાયું હતું.

મહેસાણા જીલ્લાની આંગણવાડી કેન્દ્રોમાં મતદાન અંગેની વકતૃત્વ સ્પર્ધા અને મતદાર જાગૃતિ અંગે રેલી યોજાઇ ગઇ.

રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યાં છે.

રાજકોટ નાયબ જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન મુજબ જેતપુર તાલુકાના નવાગઢ ખાતે ઔદ્યોગિક વિસ્તારમાં મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મતદારોને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. ઈ.વી.એમ. પોસ્ટલ બેલેટ, ચૂંટણીલક્ષી એપ્લીકેશન્સ સહિતની બાબતો અંગે સમજૂતી આપવામાં આવી હતી.

## Model Code of Conduct

અરવલ્લી જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈને આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે અમલ જોવા મળી રહ્યું છે અરવલ્લી જિલ્લા ચુંટણી વિભાગ દ્વારા અલગથી હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ખાનગી તેમજ સરકારી બિલ્ડીંગ મળીને કુલ 3622 પોસ્ટર અને હોર્ડિંગ્સ ઉતારી લેવાયા છે,, આ સિવાય સીવીલ એપ્લિકેશન પર મળલી ફરિયાદો નું નિવારણ ચૂંટણી વિભાગ દ્વારા કરવામાં આવ્યું

છે.. ઓનલાઇન મળેલી ફરિયાદો નિવારણ માટે અલગથી ટીમ તૈયાર કરવામાં આવી છે અરવલ્લી જીલ્લના નોડલ અધિકારીએ વધુમાં આ મુજંબ જણાવ્યું.

(બાઈટ : આર.અન.કુચારા,નોડલ અધિકારી, અરવલ્લી)

## Sub Registrar Office Gandhinagar

રાજ્યની તમામ 294 સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં આગામી 29 માર્ચે જાહેર રજાના દિવસે પણ દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રહેશે. નિયમિત દિવસની જેમ જ ઓનલાઇન એપોઇટમેન્ટ મેળવી દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે. ઉલ્લેખનીય છે કે, નાણાકીય વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોવાથી જાહેર હિત ને ધ્યાનમાં રાખીને રાજ્યની તમામ 294 સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.

## REV.-KARNATAKA-ISRO

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ISROએ આજે સવારે કર્ણાટકના ચિત્રદુર્ગ ટેસ્ટ રેન્જમાં પોતાના ફરીથી ઉપયોગમાં લઇ શકાય એવા પ્રક્ષેપણ વાહન પુષ્પકનું સફળતાપૂર્વક ઉતરાણ કરાવ્યું છે. માઇક્રોબ્લોગિંગ સાઇટ-એક્સ ઉપર ISROના અધ્યક્ષ એસ. સોમનાથે અવકાશયાનના સંપૂર્ણ ઓટોમેટિક મોડથી સંચાલન, ઉતરાણ અને ઇંધણ વ્યવસ્થાપનમાં સફળતા મેળવવા માટે ઇસરોના વૈજ્ઞાનિકોની ટીમને અભિનંદન આપ્યા છે..તેમણે વધુમાં જણાવ્યું છે કે, અવકાશમાંથી ખૂબ જ ઝડપથી જમીન ઉપર ઉતરાણ કરાવવામાં ઇસરોના વૈજ્ઞાનિકોએ વિકસાવેલ સ્વદેશી ટેક્નોલોજીનું આ સફળ પરીક્ષણ છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, ચીનુક હેલિકોપ્ટર દ્વારા જમીનથી અંદાજીત સાડા ચાર કિલોમીટર ઉંચાઇએ લઇ જઇને ફરીથી ઉપયોગમાં લઇ શકાય એવા પ્રક્ષેપણ વાહન પુષ્પકને જમીન ઉપર ઉતરાણ માટે મુક્ત કરાયું હતું. સાડા છ મીટર લંબાઇ ધરાવતું આ પુષ્પક 350 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જમીન તરફ

ધસી ગયું હતું. ત્યારબાદ, પુષ્પકે જાતે જ જરૂરી ફેરફાર કરીને રન-વે ઉપર ઉતરાણ કર્યું હતું. આ સફળ પરીક્ષણના લીધે ભારત ભવિષ્યમાં ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવું ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન વિકસાવવાની દિશામાં આગળ વધ્યો છે અને આવું વાહન તૈયાર થતાં ભવિષ્યમાં ઉપગ્રહના પ્રક્ષેપણના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાશે.

## PALITANA YATRA

જૈન તીર્થધામ પાલિતાણામાં આવતીકાલથી શેત્રુંજય પર્વતતીર્થ ખાતે છ ગાઉની યાત્રાનો આરંભ થશે.

આવતીકાલ સવારથી ભાવિકો યાત્રાનો આરંભ કરશે. પાલીતાણા તળેટીથી પ્રારંભ કરીને ગીરીરાજ પર્વત પર આદિશ્વર ભગવાનના દર્શન કરી ઉલ્લેખાજલ, ચંદન તલાવડી, ભાડવા ડુંગર પર રહેલ ચરણપાદુકાના દર્શન કરી આદપુર ગામે આવેલા સિધ્ધવડ ખાતે યાત્રા પૂર્ણ કરશે. સિદ્ધવડ ખાતે ભાવિકો ઢેબરા દહીં તેમજ સૂકા મેવા પીરસવામાં આવે છે જેથી ફાગણસુદ તેરસની આ છ ગાઉની યાત્રાને ઢેબરા તેરસ તરીકે પણ ઓળખવામાં આવે છે.  જૈન બંધુઓ માટે આ યાત્રાનું ખૂબ મહત્વ રહેલું છે.

ભાવનગર જીલ્લા સહિત રાજયના અનેક જૈનબંધુઓ આ યાત્રાએ આવતા હોય છે. ભાવનગર એસટી વિભાગ દ્વારા વિશેષ ભાડા સાથે 40 જેટલી વધારાની બસો દોડાવાશે.

## PAPER TICKET

ઈન્ડિયન પ્રીમીયર લિગ- આઈપીએલ ક્રિકેટ સ્પર્ધાનો આજથી ચેન્નાઈમાં આરંભ થશે. અમદાવાદમાં યોજાનારી ત્રણ આઇપીએલની ક્રિકેટ મેચને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેટ્રો સેવાએ ખાસ પેપરટીકીટ આપવાનો નિર્ણય લીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં 24 અને 31 માર્ચ તેમજ ચોથી એપ્રિલે આઇપીએલની ક્રિકેટ મેચ યોજાનાર છે. મોટેરા સ્ટેડિયમના મેટ્રો સ્ટેશન થી સવારના 6 વાગ્યાને 20 મિનિટ થી રાત્રિના 12 વાગ્યા સુધી ટ્રેન સેવા ચાલુ રાખવાનો પણ નિર્ણય લેવાયો છે. આઇપીએલની મેચ માટે ફિક્સ 50 રૂપિયાના ભાડાની સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડવામાં આવી છે. જેનો ઉપયોગ ફક્ત મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશનથી બીજા કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરવા માટે થઈ શકશે. આ ઉપરાંત મેચના દિવસે મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશન પર અગાઉથી સવારે 8 વાગ્યાથી ખાસ પેપર ટિકિટ ખરીદી શકાશે. આ ઉપરાંત જ કોન્ટેકટલેસ સ્માર્ટ ટોકન અને કાર્ડ સાથે મેટ્રો રેલવેસ્ટેશનમાં પ્રવેશ પણ હમેશની જેમ રાત્રે 10 વાગ્યા સુધી કરી શકાશે.

આઇપીએલ મેચોની શ્રેણીના આરંભે ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ્ સ્ટેડિયમ ખાતે આજે રાત્રે 8 વાગ્યે ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે પ્રથમ વીસ ઓવરની મેચ રમાશે. ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડે સ્પર્ધાનો પ્રથમ બે અઠવાડિયાનો કાર્યક્રમ જાહેર કર્યો છે.